સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૮૬ / શુમારો : ૨ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ફુલ પાના - ૧૨

مشکوة الهادی
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ સફર ૧૪૩૨ હી., ૬-૧-૨૦૧૧

# -::: જવાની : મૌસમે બહારી :::-

અલ્લાહતઆલાએ આ ઝમીનને ઝિંદા રાખવા અને તેમાંથી પૈદા થાતી ચીઝોને ઝિંદગી બખ્શવા મુખ્તલિફ મૌસમ બનાવેલી છે. જેમ જેમ મૌસમનો મિઝાજ બદલાય છે, તેમ તેમ ઝમીનનો મિઝાજ પણ બદલાય છે. મૌસમના બદલાવ સાથે ઝમીનમાંથી પૈદા થાતી ચીઝોની શિકલો સૂરત પણ બદલાય છે. જો મૌસમમાં તબ્દીલી ન હોત, હવા-પાનીમાં તબ્દીલી ન હોત તો ઝમીન પર ઝિંદગી ન હોત. આમ તૌર પર, જેમ એક સાલમાં ચાર મૌસમ હોય છે, તેમ ઈન્સાની ઝિંદગીની પણ ચાર મૌસમ છે.

ગરમી, શરદી, વરસાદ, બહાર કે ખિઝાઁ, હર મૌસમની કૈફીયત અલગ-અલગ હોય છે. પણ બહારની મૌસમમાં એ ખાસીયત છે કે, હર જાનદાર ચીઝ તેમાં ખુશી અને સુકૂનનો એહસાસ કરે છે. અલ્લાહતઆલાએ તેની ખલ્કત (પૈદાશુદા ચીઝો)માં ઈન્સાનને ઝમીનની રિયાસત સોંપી છે, તમામનો એ રાસ (માથું) છે અને રઈસ (સરદાર) છે. **ભલે ઇન્સાન તાકતવર છે પણ એની તબીઅત અને મિઝાજથી ઘણો કમ્ઝોર છે.** મૌસમની તબ્દીલીનો એના પર ગહેરો અસર પડે છે. આ સાથે જો મૌસમની તબ્દીલી પરથી ખુદ ઈબરત લઈને પોતાની ઝિંદગી પર નઝર નાંખે તો એની ઝિંદગી પણ મુખ્તલિફ મૌસમ જેવી જ છે. ૧૫ સાલ બચપણાના, તે બાદ ૨૫ સાલ જવાનીના, તે બાદ ૨૦ સાલ આધેડ ઉંમરના, તે બાદ ૨૦ સાલ બુઝુર્ગીના. ૨૫ સાલની જવાનીની હાલતમાં જો ઈન્સાનને કોઈ નૈક, હક્કની રાહ બતાવનાર મોઅલ્લિમ મિલી ગયો તો એ કામિયાબ બનશે, એની ઝિંદગીમાં બહાર આવશે. આનાથી બર-ખિલાફ જો કોઈએ આ ૨૫ સાલનો ઝિંદગીનો સુનેહરી વકત ઝાયેઅ કરી નાંખો, બદ અમલ અને બદ સોહબતના સબબ બદ રસ્તો ઈખ્તિયાર કરી લીધો, તો એને નદામત અને અફસોસ સિવાય કઈ હાથ નહીં લાગે, એની ઝિંદગીમાં ખિઝાઁ આવશે જ્યાં કોઈ વકત કામિયાબીના ફલ-ફૂલ નહીં લાગે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં પાઁચ ચીઝો આવતા પહેલા પાઁચ ચીઝોને ગનીમત સમઝી લો, તે છે, (૧) ફકીરી આવતા પહેલા તવંગરીને (૨) બિમારી આવતા પહેલા તંદુરસ્તીને (૩) હમ-ગમ આવતા પહેલા રાહતને (૪) મૌત આવતા પહેલા ઝિંદગીને અને (૫) બુઢાપો આવતા પહેલા જવાનીને. ઝિંદગીને ગનીમત સમઝી તંદુરસ્તી, રાહત, તવંગરીની હાલતમાં નૌજવાનીના આલમમાં જો કોઈએ પોતાની ઝિંદગીનો મકસદ સમઝી લીધો, ખૈરને કમાઈ લીધું તો એના બુઢાપામાં પણ એનો હર અમલ એક જવાન મુજબ હશે. બહારની મૌસમ હર જગા,૪ માહૌલમાં રંગત, નિખાર, તાઝગી અને દિલકશી પૈદા કરે છે. જેની મિસાલ પર ઈન્સાનની જવાનીના અય્યામ જશ્ને બહારી હોય છે, જેમાં એના દિલ-દિમાગના દરવાઝા નવા તજરૂબા કરવા, જાણકારી હાસિલ કરવા, લોગોને મિલવા, વકતના હર પલથી ફાયદો-તરક્કી હાસિલ કરવા ખુલા હોય છે. **જવાન ઇન્સાનની તબીઅતમાં જઝબો, જોશ, તૈયારી અને સરગરમીનું જૌહર હોય છે.** જે કૌમમાં નૌજવાનો ઝિયાદહ હોય તે કૌમ દૌલતમંદ કહેવાય, કેમકે, નૌજવાનની તાકત, કુદરત, હિમ્મત અને ઝૌકે ખિદમત કૌમની ફલાહો બહેબૂદી વાસ્તે કી-રોલ યાઅની કિલીદી કિરદાર અદા કરે છે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ઝિંદગીની મોટી જીત પોતાની ઝાત પર કાબૂ રાખવામાં છે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***જવાની : મૌસમે બહારી .....***

અલ્લાહતઆલા એવા જવાનથી ખુશ રહે છે કે, જેમાં બેઅદબી ન હોય, બેશરમી ન હોય, નાદાની ન હોય. એક જવાનની શનાખ્ત એની અદબ અને સંજીદગીથી થાય છે. જે કોઈ જવાન એક બુઝુર્ગને એમની ઉંમરના લેહાઝથી તાઅઝીમો ઈઝઝત કરે છે, તો અલ્લાહતઆલા એ જવાનની બુઝુર્ગી વાસ્તે એ જ મુજબની **ઇઝઝતનો સામાન** તૈયાર કરી રાખે છે. કૌમના જવાનોમાં જો આ ચાર નાયાબ લાકીમત જૌહર મૌજૂદ હોય તો તેઓની આખેરતની મંઝિલ આસાન થઈ જાય અને સવાબો ખૈરના આંગનમાં પોતાનો મકામ બનાવી લે. (૧) **ખિદમતે દાઅવતે હક્ક** કે, જેમાં મુમેનીનની ખિદમત અને મોહબ્બત મિલેલી છે. (૨) હલાલ રોઝીને હાસિલ કરવા નૈક રાહ અપનાવવી કે, જેને **તિજારતમાં ઇન્સાફ** કરવો કહે છે. (૩) નૈક, પાક-દામન, પરહૈઝગાર મુમેનાહ સાથે નિકાહ કરીને સંસારને ચલાવવાનો કે, જેને **ઇમાની ઇઝદેવાજી ઝિંદગી** કહે છે. અને (૪) દીનના નાના-મોટા હર અહકામ પર પાબંદી કરીને સમાજી અને દુનિયાવી વહેવારને સાચવવા કે, જેને **મોઅતદલ રવિશ** કહે છે.

જવાન શખ્સ દુનિયામાં તને-તન્હા રહી શકતો નથી, એને કોઈના સાથ, સોહબત અને અન્સતની ઝરૂરત પડે છે. તે જવાન અકલમંદ કહેવાય કે, જે પોતાની ઉંમર અને ઝિમ્મેદારીનો એહસાસ કરીને પોતાના નિકાહ વાસ્તે ફિકર કરે અને કોઈ બહેતર અખ્લાક બૈરોને પોતાના શરીકે હયાત બનાવે. **મરદ, બૈરો વાસ્તે લિબાસ છે અને બૈરો, મરદ વાસ્તે લિબાસ છે,** યાઅની શાદીશુદા ઝિંદગી, મરદ-બૈરોના ઝાતી-સમાજી ઐબ અને કમીને ઢાંપે છે. કામિલ ઈન્સાન તેને કહેવાય કે, જે પોતાના સાયામાં એક બાઈઝઝત બૈરોને પનાહ આપી, ઈઝદેવાજી ઝિંદગી ગુઝારી, દીની તથા સમાજી તકાઝાઓને પૂરા કરે. ઈન્સાન એક સમાજી જીવ (સામાજીક પ્રાણી) છે અને એને પોતાની પહેચાન કાઈમ કરવા સમાજ, જમાઅત યા કુંબા-કબીલાની ઝરૂરત પૈશ આવે છે. આના સિવાય એનું દુનિયામાં જીવવું બેમાઅના અને બેમકસદ છે. ઈન્સાનના નફસની ઝિંદગી વાસ્તે અલ્લાહતઆલાએ દાઅવતે હક્ક આપી છે અને જિસ્મની ઝિંદગી વાસ્તે જમાઅત આપેલી છે. જે શખ્સ દાઅવતે હક્ક અને જમાઅત સાથે છે એ રાહતમાં છે કેમકે, તે શખ્સે ઈલ્મ-અમલ તથા દીન-દુનિયાને સાથે જોડી દીધી, આ **એક આકિલ જવાનની નિશાની છે.** જે શખ્સ આ બેવેથી દૂર થયો તે આફતમાં છે કેમકે, કોઈ એક ને અપનાવી બીજાને છોડવાથી મકસદે ઝિંદગી પૂરો થાતો નથી. જિસ્મને જાનની ઝરૂરત છે અને જાનને જિસ્મની. **આ બેવે એક સાથે હોવાથી જ ઝિંદગીમાં જવાની અને બહાર છે.**

જેમ મૌસમે બહારનો દારોમદાર હવા, પાની, ગરમી અને ઝમીન પર હોય છે, તેમ કોઈ જવાન શખ્સના વહેવાર અને તરક્કીની અસાસ પણ ચાર અહમ ચીઝો પર હોય છે. ઝિંદગીમાં રાહત અને ખુશહાલી વાસ્તે ખૂબ સોચી વિચારીને આ ચીઝો પસંદ કરવી જોઈએ. આ ચાર ચીઝો છે, **(૧) ઝમીન-ઘર (૨) બૈરો (૩) દોસ્ત અને (૪) સવારી.** ઝમીન ખેતી વાસ્તે હોય યા મકાન બાંધવા વાસ્તે, તેને ખરીદતા પહેલા તલાશ અને તફતીશ કરવી લાઝિમી છે કે, તે કોની હતી, ત્યાં કઈ ઈમારત હતી, તેમાં કિબ્લાનો રૂખ મોટો છે કે નહી, તેના પડોશી કોન છે, નઝદીકમાં મદ્રસો યા મસ્જિદ છે કે નહીં, વગૈરા. બહેતર ઝમીન, ઈન્સાનના ઈકબાલ-નસીબાને બહેતર બનાવે છે. નૈકોકાર, દીનદાર તથા શરમો હયાવાલા બૈરોની પસંદગી કરવામાં ખૈરીયત છે કેમકે, તેની મિસાલ ઝમીનથી અપાય છે. જો ઝમીન પાકીઝા, ઝરખૈઝ અને ઉપજાવ હશે તો ફસલ બહેતર થાશે. **દોસ્તી અને સોહબત ઇન્સાનને બનાવે પણ છે અને બિગાડે પણ છે.** દોસ્ત બનાવતા પહેલા એનો અકીદો, સમાજ, ખયાલ અને વહેવારનો અંદાઝો લગાવવો ઝરૂરી છે. જેમ હર કોઈ મુલાકાતી, દોસ્ત નથી બનતો તેમ હર કોઈ દોસ્ત હમરાઝ નથી બનતો. ઉમ્દા સવારી હોવી એક જવાન શખ્સનું સપનું હોય છે. સવારીની માઅના યહાઁ બાઈક યા કારની નથી પણ એક જવાનના રફતાર-ગુફતાર, લિબાસ અને સૂરતની છે. આ સવારી પર જો જવાન ચાલશે તો એની જવાની પર જશ્ને બહારીના ચાર ચાઁદ લાગી જાશે. એ જવાન પોતાને અલવી-હુસૈની મુમિન હોવાનો ફખ્ર મેહસૂસ કરશે. આવા જવાનની સરદારી જન્નતમાં ઈમામૈન હુસનૈન (અ.સ.) સિવાય બીજા કોન કરી શકે છે. અલ્લાહતઆલા હર હમારા અલવી જવાનને ઈમાની જવાની અતા ફરમાવે. આમીન... □

**મખ્લૂકની ખિદમત પહેલા અલ્લાહ અને એના રસૂલની ઈતાઅત ઝરૂરી છે.**

# -::: અખ્બારે તૈયેબીયાહ :::-

☐ **દુનિયાના નામવર ઇસ્માઇલી મોઅર્રિખની કિતાબમાં "અલવી બોહરા" યાઅની અપની જમાઅતે અલવીયાહની ઝિક્રે ખૈર :**

ત્રણ સાલ પહેલા લંડનના ઈસ્માઈલી ઈદારાથી પધારેલા દુનિયાના મશ્હૂર ઈસ્માઈલી મોઅર્રિખ જનાબ ફરહાદ દફતરી સાથે હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની મુલાકાતે મુનીરાહ તેમજ દેવડી મુબારક પર આવી ત્યાં વરસોથી મહફૂઝ નૂરાની તૈયેબી ખઝાનાનો બારીકીથી મુશાહેદો અને નઝર કીધા બાદ, અપની સાદાઈ, ઈન્ફેરાદીયત અને ઈલ્મી મેઅયારનો અંદાઝો એમના દિલમાં નકશ થઈ ગયો હતો. વરસોના તઅલ્લુકાતને ઔર મકસદ અને મઝબૂતી બખ્શવા એમને ઝબાનથી અદા કીધું હતું કે, "આજ તક આપની જમાઅતથી દુનિયાના શીઆ-ઈસ્માઈલી સ્કોલરો નાવાકિફ હતા અને આપને આમ બોહરાના જુમ્લામાં શામિલ કરી દેવાતા હતા. મગર હવે પછી, આપ લોગોથી મુલાકાત બાદ મને એહસાસ થયો કે, આપની જમાઅતની પહેચાન અલગ હોવી ઝરૂરી છે કે, **જેથી દુનિયાના રિસર્ચ સ્કોલરો આપને એક અલગ જમાઅત તરીકે જાણી શકે.** તેઓ બીજી તૈયેબી બોહરા કૌમોના નામ સાથે આપની કૌમનું નામ પણ સરે ફેહરિસ્ત લાવી શકે. લેહાઝા, હવે પછીની મારી કોઈ પણ ઈસ્માઈલી તારીખને લગતી કિતાબમાં આપની જમાઅતની શનાખ્તને ઝરૂર ઝાહિર કરીશ. ઈન્શાઅલ્લાહ." આ કલામ પર હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ એમની આ કોશિશ વાસ્તે ખૂબ દોઆ ફરમાવી હતી.

આ દોઆનો ખૈર નતીજો એ થયો કે, ચંદ અય્યામ પહેલા જનાબ દફતરી તરફથી એમને એડીટ કીધેલી ઈસ્માઈલી તૈયેબી તારીખની કિતાબ **"A Modern History of Ismailis"** દાઅવતના મરકઝ પર હાસિલ થઈ, જેમા અપની જમાઅતની અલાહેદા ઝિક્રે ખૈર પ્રો. તાહેરા કુત્બુદ્દીને કીધેલી છે. આ કિતાબ અંગ્રેઝી ઝબાનમાં છે, જે ઝિક્રનો ગુજરાતીમાં તરજુમા હમેં યહાઁ કારેઈન વાસ્તે પૈશ કરીએ છીએ.

☐ **અલવી બોહરા :**

અલીયા બોહરાના નામથી જે કૌમને લોગો ગલત તરહથી જાણે છે તે હકીકતમાં "અલવી બોહરા" છે. જેઓના દોઆત દાઊદી બોહરાના દોઆત મુજબ છે, પણ ૨૯ માં દાઈથી તેઓના દોઆતનો સિલસિલો અલગ છે. અલવી અને દાઊદી બોહરામાં દાઈની નસમાં ઈખ્તેલાફનો વાકેઓ સુલૈમાનીઓ અલગ થયા તે બાદ બે દાઈ પછી બનેલો છે. અલવી બોહરા એમ માને છે કે, હક્કના દાઈ, ૨૮ માં દાઈ સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ બાદ દાઊદીઓના દાઈ અબ્દુત્તૈયબ ઝકીયુદ્દીન ન હતા મગર સૈયદના શૈખ આદમના દિકરાના દિકરા (પૌત્ર) સૈયેદના અલી શમ્સુદ્દીન બિન ઈબ્રાહીમ સાહબ હતા. અલવી બોહરા આ દાઈ સૈ.અલીથી પોતાની કૌમને "અલવી" માને છે અને તેઓની દાઅવતનું નામ પણ "દાઅવતે હાદીયાહ અલવીયાહ" આ સબબથી નામઝદ થયેલું છે. ત્રણ દાઈ બાદ, ૧૦૯૦ હિ. પછી દાઅવતે અલવીયાહનું મરકઝ અહમદાબાદથી વડોદરા મુન્તકલ થયું છે અને આજ તક વડોદરામાં જ છે, પણ થોડો વક્ત સૂરત શહેર પણ તેઓનું મરકઝ રહેલું છે. હાલમાં અલવી દાઈએ મુત્લક સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) છે, જે દોઆતના સિલસિલામાં ૪૪ માં દાઈ છે. અલવી બોહરાના મરકઝ વડોદરામાં એક લાઈબ્રેરી છે, જેમાં કરીબ ૪૫૦ મખ્તૂતાહ (દોઆતના હાથના લખેલા કિતાબો) નું કલેકશન છે અને ઘણા તો ૫૦૦ સાલ પુરાના છે.

હાલમાં, અલવી બોહરા એક મુરત્તબ અને મુનઝઝમ કૌમ છે, જેની તાઅદાદ અંદાઝે ૮૦૦૦ ને કરીબ છે અને ખાસ કરીને તેઓની આબાદી વડોદરામાં છે. વડોદરા સિવાય, આસપાસના ગામડાઓ, નાના શહેરો, મુંબઈ, સૂરત અને અહમદાબાદમાં પણ તેઓ વસેલા છે અને ત્યાં તેઓના અલગ મુસાફિરખાના અને

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ઈબાદત ફક્ત નમાઝ પઢવું નથી મગર હર નૈકી, ઈબાદત છે.**

## -::: ફૂવારો :::-

૧૪માં ફાતેમી ઈમામે હક્ક મૌલાના મઅદ્દ અલ-મોઈઝ (અ.સ.) એક બગીચામાં આપના અસ્હાબ સાથે આરામ ફરમાવતા હતા અને સાથે આપની સોહબતમાં સૈ. કાઝી નોઅમાન સાહબ (ક. રૂ.) પણ હતા. આ બગીચાના દિલકશ નઝારામાં એક ખૂબસૂરત ફૂવારો ચાલી રહ્યો હતો અને તેમાંથી પાની ઉંચે આસ્માન તરફ ઉડતું હતું, તેના આસપાસની ફિઝાને ઠંડક પહોંચાવતું હતું. આ ફૂવારામાં જે જગામાંથી પાની નિકલતું હતું તે ઉપર હતી અને ઘણા જ ઝોરથી પાની હવામાં ફેંકાતું હતું. આપ ઈમામે તે ફૂવારા તરફ નઝર કીધી અને ગૌર કરીને દાઈ નોઅમાનને ફરમાવું કે, **આલી શાન છે તે પાક ઝાત અલ્લાહતઆલાની કે, જેએ હર ચીઝની પૈદાઇશમાં અજીબો ગરીબ હિકમત મુકેલી છે.** અય નોઅમાન, શું તમેં આ ફૂવારાના તૈઝ પાનીને જોવ છો કે, તેની નિકલવાની જગા ઉંચી છે કે જે જગા પર પાની ખૂબ જલ્દી વહીને આવે છે. ફૂવારામાંથી પાની નિકલા પછી તે હવામાં ઉડે છે, થોડું પાની હવા સાથે મિલી જાય છે અને અકસર પાની ઝમીન પર પડી જાય છે.

આ હકીકતને ઈમામ આલી મકામની ઝબાન મુબારકથી જે વક્ત દાઈ નોઅમાને સાંભલી તો એ ઘણા જ તઅજ્જુબમાં પડી ગયા. પછી ઈમામે ફરમાવું કે, અય નોઅમાન, શું પાની એક વહેતી ચીઝ નથી? શું તેની ખાસીયત નથી કે, જે વક્ત તેને ખુલ્લી જગામાં છોડી દેવામાં આવે તો તે તેના નીચેની જગામાં વહેતું વહેતું આગલ નિકલી જાય? દાઈ નોઅમાને કહ્યું કે, આપ બિલકુલ બજા ફરમાવો છો. આપના કહ્યા મુજબ જ તેની તખ્લીક થઈ છે. ઈમામે ફરમાવું કે, હવે આ જ પાનીને કૈદ કરીને, દબાવીને કોઇ બંદિશવાલી ચીઝમાં ભરવામાં આવે અને પછી તેને છોડવામાં આવે તો તે તેની તબીયતથી ખિલાફ જાશે યાઅની નીચે તરફ વહેવાની આદતથી ઉલટું કામ કરશે. તે બાદ તેની અસલી જગા પર પહોંચશે જહાઁથી તે નિકલું હતું. દાઈ નોઅમાન પોતાનું સર ઝુકાવીને કહે છે કે, આપ સહી ફરમાવો છો.

ઈમામ આલી મકામ ફરમાવે છે કે, અય નોઅમાન, મુમિનના નફસની પણ આ પાની જેવી હાલત છે. પાનીની તબીઅતમાં નીચે પડવું છે તેમ હર નફસની આદત દુનિયામાં નીચે પડવાની હોય છે. જેમ ફૂવારો પોતાની એક ઊંચી જગા પરથી પાનીને તેની તબીયત ખિલાફ ઝોરથી હવામાં છોડે છે જ્યાંથી તે આવું હોય છે, **તે જ મુજબ આ દુનિયામાં ઇમામે હક્ક એક બલંદ મકામનાં સાહબ છે** જેના તરફ પાબંદી સાથે અમલ કરનારી, શરીઅતની બંદિશમાં રહેનારી મુમિનની નફસ ચઢે છે. નફસ, તેના મકામના સાહબ તક પહોંચી નજાત હાસિલ કરે છે જ્યાંથી તે આવેલી હોય છે, જે મુજબ ફૂવારો પાનીને ઉંચી જગામાંથી છોડે છે અને તે પાની હવા સાથે મિલીને તેના અસલ તરફ પહોંચે છે.

ઈમામ આલી મકામ ફરમાવે છે કે, હમારી બયઅત અને હમારા મકામને કુબૂલ કરનાર હર મુમિનથી અલ્લાહતઆલા રાઝી-બ-રઝા રહે છે, તે મુમિનની નફસ, નફસે મુત્મઈન્નાહ બની જાય છે. હમારા સબબ મુમિનને તેના આઅમાલે સાલેહાતની જઝા મિલે છે અને આ આઅમાલ તેની નફસ સાથે મિલીને તેને ઉંચા દરજાત હાસિલ કરાવે છે. ફૂવારા જેવી નાની મિસાલથી અકલમંદો, દાનિશવરો, સંજીદાહ લોગો ઈબરત લઈ શકે છે. મિસાલોમાંથી ઈબરત લેવું હર કોઈના બસની વાત નથી, મગર તૈઝ અકલવાલા અને ગહેરી ફિકરવાલા જ તેની તેહ તક પહોંચી શકે છે. મુમિન ખરેખર અલ્લાહના નૂરથી જોઈ છે. **આ નૂર બીજું કંઇ નથી પણ ઝમીન પર અલ્લાહના હુજ્જત યાઅની ઇમામે હક્ક છે.** જે તેની નફસને હિદાયત આપીને બરાબર તરાશે છે, ઘાટીલું બનાવે છે અને જે જગા પરથી તે આવી હોય છે તે જગા પર સહીહો કામિલ કરીને પહોંચાવે છે. □

**ઝિંદગી, તે ઝિંદગી નથી જેમાં લોગોને તમારાથી કોઈ ફાયદો ન થાતો હોય.**

**અલ્લાહ પર તવક્કુલ સિવાય સબર કરવો નામુમ્કિન છે.**

# -::: મોતીની પૈદાઈશ :::-

મોતીની પૈદાઈશ અકસર કરીને Persian Gulf અને Indian Ocean માં થાય છે. જે દરિયામાં નદીઓ આવીને મિલતી હોય અને મીઠા પાનીની નહેરો આવીને પડતી હોય, તેવા દરિયામાં મોતીની છીપો હોય છે. જે વક્ત વસંતની ઋતુ (બહારની મૌસમ) આવે છે અને હવા ખૂબ ઝોરશોરથી ચાલે છે અને દરિયાના મોજાઓ ખૂબ ઉછલે છે, તે વક્ત આ છીપો દરિયાની સપાટી પર આવે છે. એમ કહેવાય છે કે, ૧૮ એપ્રિલ ના દિન દરિયાની છીપો તેના તેહમાંથી ઉઠીને મોજાઓ સાથે ઉપર આવે છે. જે વક્ત આ માહૌલ હોય છે તો ઘણો આવાઝ થાય છે અને છીપમાં એક નાનું જાનવર હોય છે જેની હિફાઝત તેના બે મઝબૂત પરો કરતા હોય છે. આ મઝબૂત પર એક ભારી કિલ્લાની જેમ હોય છે જેની પનાહમાં તે જાનવર રહે છે. દરિયાઈ ખેંખરો કે જેની શિકલ વીંછી જેવી હોય છે, તે છીપના જાનવર નો જાની દુશ્મન હોય છે. જે વક્ત પેલું નાનું જાનવર હવા લેવા વાસ્તે છીપના પરોને ખોલે છે તે વક્ત ખેંખરો પોતાના અણીદાર દાંતોથી તે જાનવરને છીપમાંથી ખેંચીને ખાઈ જાય છે.

૧૮ એપ્રિલ ના દિન એક પણ છીપ દરિયાના તલીયામાં રહેતી નથી, સઘલી ઉપર આવી જાય છે અને પોતાના મૂઁહને ખોલે છે તે વક્ત પૂરો દરિયો **સફેદ મોતી** જેવો લાગે છે. અલ્લાહતઆલાની કુદરતથી તે હંગામમાં બારિશ પડે છે અને હર એક છીપના પેટમાં કેટલાક મીઠા પાનીના બારિશના ટીપા દાખિલ થાય છે અને તે બાદ છીપ પોતાના પરોને મઝબૂતીથી બંધ કરી લે છે. પાનીના કતરાઓને પોતાના પેટમાં છીપ જે વક્ત મેહફૂઝ કરે છે તો તેના અંદરનું જાનવર મરી જાય છે અને છીપ દરિયાના તલીયામાં જઈને બેસી જાય છે. આ હાલતમાં તે વરસો તક રહે છે અને તેના આસપાસ દરિયાઈ ઘાઁસ ઉગી જાય છે, જેના સબબ તેને દરિયાઈ મૌજાઓ અને પાનીનું ઝોર હલાવી શકતું નથી. જો છીપ થોડી પણ હાલી જાય તો તેનામાં મોતી બનતું નથી. **છીપ પોતાની જગા પર જેટલી હદ તક સુકૂનમાં રહે તેટલું તેનામાં મોતી ઉમ્દા આકારનું બને છે.** દરિયાનું ખારૂં પાની ઝરા પણ તેમાં જાતું નથી અને અગર ઝરા પણ પાની છીપમાં ચાલું જાય તો મોતીનું બનવું નામુમ્કિન થઈ જાય છે.

જે છીપમાં બારિશના મીઠા પાનીનો એક જ કતરો ગયો હોય તે મોતી બહેતર અને કીમતી હોય છે. અરબી ઝબાનમાં તે કિસ્મના મોતીને **"દુર્રે યતીમ"** કહે છે. જેમ જેમ એક છીપમાં પાનીના કતરાઓ ગયા હોય તેમ તેમ મોતીના વઝનમાં અને કીમતમાં ફરક પડે છે. મોતીના છીપની ત્રણ હાલત હોય છે : (૧) પહેલી હાલતને **હાલતે હયવાનીયત** કહે છે, જે વક્ત તેનામાં જાનવર ઝિંદા હોય છે. (૨) બીજી હાલતને **હાલતે હજરીયત** કહેવાય છે, જે વક્ત જાનવર મરી જાય છે અને છીપ દરિયાના તલીયામાં બેસી જાય છે. (૩) ત્રીજી હાલતને **હાલતે નબાતીયત** કહેવાય છે, જે વક્ત છીપના ચારે તરફ ઘાઁસ યાઅની દરિયાઈ વનસ્પતિ ઊગી નીકલે છે. અજબ કાદિરે મુત્લકની કુદરત છે.

હવે ઉપર લખેલી બાબત ૧૮ મી એપ્રિલના દિન દરિયામાં બને છે અને ઝમીન ઉપર તે જ તારીખે **ઝહેરીલા સાઁપના બચ્ચાઓ** પૈદા થાય છે. તે પોતાના દરોમાંથી બહાર નિકલે છે અને તેના મૂઁહને આસ્માનને તરફ ઊંચું કરે છે. જે વક્ત વરસાદ પડે છે તો તે બારિશના કતરાઓ સાઁપના બચ્ચાઓના મૂઁહમાં પડીને ઝહેર બને છે. ત્યાં દરિયામાં આ જ પાની છીપમાં જઈને મોતી બને છે. પાની એક જ છે પણ વાસણો જુદા-જુદા છે. **પાનીમાં કઇ ફરક નથી બલ્કે તેના લેનારમાં ફરક છે.** શું હૈરતઅંગૈઝ કુદરતની રચના છે. ઝાલેકા તકદીરૂલ અઝીઝિલ અલીમ...

દોઆતે હક્ક (આ.કુ.) ફરમાવે છે કે, અહલુલ બૈત (અ.સ.) નું ઈલ્મ પાની મુજબ છે. અલવી અને હુસૈની મુમિનના દિલમાં જો આ ઈલ્મનો ફૈઝ (પાનીના કતરા) ઉતરે તો તે કીમતી **"મોતી"** બની જાય છે અને જો હક્કની દાઅવતનું આ ઈલ્મ કોઈ મુન્કિર યા મુનાફિક સાંભલે તો તે જાનલેવા **"ઝહેર"** બની જાય છે. આ ઈલ્મના સબબ

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**નાના બચ્ચા, ફૂલની મુજબ છે. તમેં નૈક શીખામણ આપશો તો ખિલીને ખુશ્બૂ ફેલાવશે.**

## -::: ગુલ્શને ફિક્હ : શરીઅતમાં હલાલો હરામ :::-

### ::: નમાઝ :::

☐ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ત્રણ ચીઝો એવી છે કે, અગર મારી ઉમ્મતને તેના સવાબનું ઈલ્મ થઈ જાય તો તેને હાસિલ કરવા પર પાઁસા ફેંકે યાઅની કુર્આ-અંદાઝી કરે. તે ત્રણ ચીઝો છે, (૧) અઝાન કહેવી (૨) જુમ્આના દિનની નમાઝ વાસ્તે સવારથી જ ઈન્તેઝામ કરવો અને (૩) નમાઝમાં પહેલી સફમાં ઉભા રહેવું. આ તમામમાં અલ્લાહતઆલાએ **અઝીમ સવાબ** મુકેલો છે, જેના પર અમલ કરીને બંદો યૌમે કયામત સરફરાઝ થઈ શકે છે.

☐ આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અઝાન દેનારાઓ કયામતના દિન એવી હાલતમાં મેહશૂર થાશે, ઉઠાવવામાં આવશે કે, તમામ લોગો કરતા તેઓની ગરદનો ઝિયાદહ લંબી હશે અને આ મોઅઝિઝનો **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"** ની નિદા કરતા હશે. ગરદનો લંબી હશે, તેની માઅના એ છે કે, **અલ્લાહની રહેમત**ની તરફ તે ઊંચી હશે, તેના તલબ કરવા પર મુન્તઝિર હશે. આ મોઅઝિઝનોના બર-ખિલાફ એવા લોગો હશે જેઓ ગુનાહગાર હશે, બુરી હાલતમાં હશે, જેઓના વાસ્તે કુરઆને પાકમાં બયાન છે કે, આપ જોશો કે મુજરિમ ગુનાહગારો પોતાના રબના નઝદીક માથું ઝુકાવીને ઉભા હશે.

☐ રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને અઝાન દેવા તરફ ઘણી રગબત બતાવી અને અઝાન દેવામાં કેવા ફઝાઈલ છે તે બયાન કીધા. તો આપના અસ્હાબમાંથી ચંદ લોગોએ અરઝ કીધી કે, આપ હમને અઝાન વાસ્તે આટલી રગબત બતાવો છો, તો હમને ખૌફ છે કે આપની ઉમ્મત આ અઝાન દેવા બાબત આપસમાં કઇ તલવારોથી મારામારી ન કરી બેસે ! તે વકત આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, ખુદાના કસમ ! અઝાન દેવું તમારા ઝઈફો સિવાય બીજા નહીં દઈ શકે. યાઅની કે, આ ઝઈફો જિસ્મ યા માલ યા તાકતના ઝઈફ હશે પણ ઈમાન અને અમલમાં પુખ્તા અને કામિલ હશે.

☐ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, અઝાનને **તરતીલ, બલંદ આવાઝ અને ઇલ્હાનના** સાથે દેવામાં આવે, મગર ઈકામતને થોડી જલ્દી દેવી જોઈએ. અઝાન અને ઈકામત એક સાથે ન દેવી જોઈએ, પણ તે બંનેના દરમિયાન નમાઝ યા દોઆ હોવી જોઈએ જે તેને જુદા કરે. મગરિબના ફરઝ પહેલા કોઈ બીજી નમાઝ નથી. લેહાઝા, નમાઝ વાસ્તેની અઝાન અને ફરઝ વાસ્તેની ઈકામત દરમિયાન મોઅઝિઝન થોડો વકફો કરે યાઅની **"અલ્લાહુમ્મા અલયહા...."** ની દોઆ પઢે.

☐ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વકત મોઅઝિઝનની અઝાનને સાંભલતા તો જેમ એ ઝબાનથી અદા કરતો તેમ આપ પણ પઢતા, હવે એ **"હય્યા અલા ખૈરિલ અમલે"** ના કલામ કહેતો તો આપ **"લા હૌલા વલા કૂવતા ઇલ્લા બિલ્લાહ"** કહેતા અને પછી જે વકત ઈકામત થઈ જાતી તો આપ ફરમાવતા કે, અય અલ્લાહતઆલા, અય દાઅવતે તામ્માહ (તમામ થાનારી દાઅવત) અને સલાતે કાઈમાહના (કાઈમ થાનારી નમાઝ) રબ, મોહંમદને કયામતના દિન તેમની હાજત અતા કર અને તેમને જન્નતના વસીલા નામી દરજા તક પહોંચાવ અને તેમની ઉમ્મતમાં તેમની શફાઅતને કુબૂલ કર." **"અલ્લાહુમ્મા અકિમહા"** ની દોઆનો મફહૂમ ઉપરના અલ્ફાઝમાં આવી જાય છે. **નમાઝ પણ અલ્લાહની એક નેઅમત છે,** જેનું ઝાહિર અને બાતિન બેવે છે. સલાતે કાઈમાહ જે ઝાહિરી નમાઝ છે તે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની તન્ઝીલ તરફ ઈશારો છે અને દાઅવતે તામ્માહ જે બાતિની નમાઝ છે તે મૌલા અલી (અ.સ.) ની તાવીલ તરફ ઈશારો છે. બાતિન બગૈરની નમાઝને અલ્લાહ કુબૂલ ફરમાવતો નથી. ☐

**મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, જયારે તમને કોઈ હાજત ખુદાથી તલબ કરવી હોય તો તેને પહેલા નબીએ કરીમ (સ.અ.વ.વ.) પર સલવાત પઢવી જોઈએ, કેમ કે ખુદાના ઈન્સાફમાં એ નથી કે તેના નઝદીક બે હાજત રજૂઅ થાય તેમાંથી એક કુબૂલ કરે અને બીજી ન કરે.**

**આ દુનિયા એક ઈમ્તેહાન છે અને તમારા આઅમાલ, તેમાં તમેં આપેલા જવાબો છે.**

## -::: ૧૨ સુન્નતો :::- કિસ્ત ૪

### "માઁ-બાપ સાથે ભલો વર્તાવ કરવો"

એક મરદ હંમેશા પોતાના માઁ સાહેબાના પગ દાબવાની ખિદમત કરતો હતો. એક દિન ખિદમત કરવામાં વધારે વક્ત લાગવાથી એના દોસ્તો જે એનો ઈન્તેઝાર કરતા હતા, એને પૂછ્યું કે, તું હમણા તક ક્યાં હતો ? તેએ જવાબ આપો કે, મને મારા માઁની ખિદમતમાં થોડી વાર થઈ ગઈ. તે બાદ દોસ્તોએ એના સાથે બદસુલૂકી અને બદકલામી કીધી, મસ્ખરી કીધી. એ સમઝી ગયો કે, આ લોગો દોસ્તી કે સોહબતને લાઈક નથી. પણ તે જગા છોડતા પહેલા એ મરદે એના નાદાન દોસ્તોને હક્ક વાત કહેતા કહ્યું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, જન્નત માઁઓના કદમોને નીચે છે. તો અય પ્યારા દોસ્તો, જે ચીઝ અલ્લાહતઆલાએ મારી કિસ્મતમાં મુકી છે તે તમારી કિસ્મતમાં નથી કેમકે, હું જે વક્ત માઁ ની ખિદમત કરૂં છું તો મને લાગે છે કે, **હું જન્નતના બાગોમાં ફિરી રહ્યો છું.**

મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) એ જે વક્ત અલ્લાહતઆલા સાથે ગુફતગૂ કીધી તો તેના આખિરમાં અરઝ કીધી કે, અય મારા રબ ! તું મને કંઈ વસીયત કર. અલ્લાહતઆલા તરફથી ફરમાન થયું કે, અય મૂસા ! હું તમને તમારા માઁ સાહેબા સાથે ભલાઈ કરવાની વસીયત કરૂં છું. સબબ કે, **તમારા માઁ ની ખુશીમાં મારી ખુશી છે અને તેમના ગુસ્સામાં મારો ગુસ્સો છે.** લેહાઝા અય ઈમાનદારો ! જો તમને અલ્લાહના અઝાબથી છુટકારો હાસિલ કરવો હોય તો અલ્લાહના અદલો ઈન્સાફમાં યકીન રાખો અને અલ્લાહના દીનના ખિલાફ જાવા સિવાયની માઁ-બાવાજીની તાબેદારી કરો. તેમની ભુલોને દરગુઝર કરો અને તે બેવે આ દુનિયામાંથી ગુઝરી જાય તે પહેલા તેમની ખિદમત કરી લો. નહીં તો પછી તમને માઁ-બાવાજીની સોહબત મિલી શકશે નહીં અને ઝિંદગીભર પસ્તાવો રહી જાશે.

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, પાઁચ ચીઝો તરફ નઝર કરવું **આઁખની રોશનીમાં** વધારો કરે છે :

(૧) બયતુલ્લાહ-કાઅબતુલ્લાહની તરફ નઝર કરવી.
(૨) આલિમે દીને હક્કના ચહેરાની તરફ જોવું.
(૩) જારી પાની-વહેતા પાની પર નઝર કરવી.
(૪) કુરઆનની આયતો પર નઝર કરીને પઢવું.
(૫) માઁ-બાવાજીના ચહેરાને જોયા કરવું.

ઉપર જણાવેલી પાઁચ ચીઝો તો ફક્ત ઝાહિરી આઁખની રોશની વાસ્તેનો ઈશારો છે. મગર હિકમતની વાત એ છે કે, આ પાઁચે-પાઁચ ચીઝો જેમકે, **બયતુલ્લાહ, આલિમ, પાની, કુરઆન યા વાલેદૈન, અહલે બૈતે રસૂલ (સ.અ.) સાથે વાબિસ્તગી અને તઅલ્લુક રાખે છે.** મુમેનીનના હકીકી બયતુલ્લાહ, હુજ્જતુલ્લાહ ઈમામે આલે અત્હર ઈમામુઝઝમાન (અ.સ.) છે, જે ઝમીન પર આલે મોહંમદની નિશાની છે. ઝમાનામાં તમામ આલિમોના આલિમ પણ આપ ઈમામ જ છે. આપના ઈલ્મથી જ આજે આપના દાઈના હાથ પર આપની દાઅવત કાઈમ-દાઈમ, આબાદ-શાદ છે. પાકીઝા વહેતું પાની તે પાકીઝા ઈલ્મ મુજબ છે, જે ઈલ્મ મુમેનીનને આપ ઈમામના નાઈબ-દાઈ અતા ફરમાવે છે. તે ઈલ્મ સાથે મુમેનીન પોતાના અમલને જોડે છે **તો પોતાની જાનોને ઝિંદા પાઇ છે.** આપ ઈમામ બોલતા કુરઆન છે અને આપના વસીલા બગૈર કુરઆનની અસ્લી માઅના સમજવું નામુમ્કિન છે. મુમેનીનના રૂહાની વાલેદૈન આપ ઈમામ અને આપના નાઈબ દાઈ છે. આપની ખિદમત કરનારને અલ્લાહતઆલા જન્નતી મહેલોનો તોહફો ઈનાયત ફરમાવશે.

મુખ્તસરમાં એ કે, અહલે ઈમાનના દીનની બુનિયાદ વલાયતે ઈમામુઝઝમાન (અ.સ.) અને ઉલ્ફતે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) છે. આ બેવેની માઅરેફતમાં મુમેનીનની આઁખો ઠંડી થાશે. આનાથી જ ઉપર ઝિક્ર

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**અલ્લાહતઆલા હર શખ્સને રાહત આપી યા તેને મુસીબતમાં ગિરફ્તાર કરીને કસૌટી પર ચઢાવે છે.**

*(પેજ નં. ૩ નું બાકી)* **અખબારે તૈયેબીયાહ .....**

મસ્જિદ છે. નોકરી અને કામકાજ વાસ્તે થોડી ફેમીલી US, UK અને Middle-east માં જઈને પણ વસેલા છે. અલવી બોહરા ખાસ કરીને વેપારી અને ધંધાદારી કૌમ છે, જેઓ વડોદરામાં ઓપ્ટીકલ માર્કેટમાં પોતાનો એક આઅલા મકામ રાખે છે. વેપાર સિવાય હવે ભણેલા-ગણેલા જવાનો બીજા પ્રોફેશનમાં જેવા કે વકાલત, ડૉક્ટરી યા કોમ્પ્યુટર ફિલ્ડમાં તરક્કી કરી રહ્યા છે. કૌમના રીત-રિવાજો, અકીદાઓ, દીનના ઊસૂલો અને ઈબાદતના તરીકાના લેહાઝથી તેઓ દાઊદી બોહરા થી અલગ નથી. યહાં તક કે, લિબાસ પહેરવાનો અંદાઝ, લિસાનુદ્દાઅવતની ઝબાન તેમજ મીસાક નો અકીદો જેમ બીજી બોહરા કૌમોમાં છે તે જ મુજબ અલવી બોહરામાં છે.

□ ઉપર લખવામાં આવેલા તરજુમાની અંગ્રેઝી ઝબાનની મેટર જે કિતાબમાંથી લેવાયેલી છે તે જો કારેઈનને પઢવી હોય તો અપની કૌમી વેબસાઈટ "www.alavibohra.org" પર "Introduction" માં જઈને પઢી શકે છે.□

*(પેજ નં. ૫ નું બાકી)* **મૌતીની પૈદાઈશ .....**

મુમિન વાસ્તે અલ્લાહતઆલાએ જન્નતમાં મોતીઓના મહેલ બનાવેલા છે અને મોતી જેવી સાફ-શફ્ફાક, પાક, ખૂબસૂરત, કાલી આઁખોવાલી, કઁવારી હૂરેઈનને પૈદા કીધી છે. આ જ ઈલ્મના સબબ મુનાફિક વાસ્તે અલ્લાહતઆલાએ જહન્નમમાં આગના અંગારાના ખાડા બનાવેલા છે જેમાં એવો દર્દનાક અઝાબ હશે કે, એને ગરમ ઉકલતું પાની અને બદબૂદાર પીપ પીવું પડશે. આ અઝાબે અલીમથી અલ્લાહતઆલા મુમેનીનને પોતાની રહેમતની પનાહમાં રાખે અને હમને આખેરતમાં લુઅલુઅ અને મરજાન (મોતીઓ) ના હક્કદાર કરે.

હિકમતના સાહબોનો કૌલ છે કે, "અહેસાન જો દીનદાર પર કરવામાં આવે તો તેના નઝદીક દૈન બની જાશે અને ઝલીલ શખ્સ પર કરવામાં આવે તો તેના નઝદીક એહસાનફરામોશી હશે. તે જ મુજબ બારિશનો કતરો **છીપમાં મોતી** બનશે અને સાઁપના **મૂઁહમાં ઝહેર** બની જાશે." □

*(પેજ નં. ૭ નું બાકી)* **૧૨ સુન્નતો .....**

થયેલી પાઁચ ચીઝોથી ફાયદો હાસિલ થઈ શકે છે. માઅરેફતે ઈમામ, મુમિનના દિલમાં રોશની દાખિલ કરે છે. **જો દિલ રોશન છે તો આઁખની રોશનીમાં ઇઝાફો થાવામાં કોઇ શક નથી.** પછી મુમિન વાસ્તે બે નેઅમત છે, બસારત (આઁખની રોશની) અને બસીરત (દિલની રોશની), જે એને તે ઘર તરફ લઈ જાશે જે આ ઘર-દુનિયા કરતા ઘણું ઘણું રોશન છે. □

*(પેજ નં. ૧૦ નું બાકી)* **સવાલ, જમન અને ઈલ્મ.....**

હવે, ઈલ્મો હિકમતની મજલિસમાં કોઈ માલ ખર્ચ થાતો નથી. આ નફસ વાસ્તેનું જમન છે. ઈલ્મ આપનાર જો સહી અને સિરાતે હક્ક પર હશે તો ઈલ્મ સાંભલનારને બેશક ફાયદો થાશે અને જો તે ગલત અને ગુમ્રાહ હશે તો એ સાંભલનારની આખેરત બિગાડી નાખશે. આ મજલિસમાં આલિમ તેની ઝબાન ને તકલીફ આપે છે અને તે ઈલ્મનો ફૈઝ સાંભલનારાઓ પોતાના કાનથી હાસિલ કરે છે. ઝબાન એક છે અને કાન સેંકડો છે. **સેંકડો જાનોને આ ગિઝાએ નફસ-જાનના જમનની લઝ્ઝત આપવાથી આલિમની એક જાન તકલીફ ઉઠાવે છે.** તો અલ્લાહતઆલા આલિમની આ તકલીફના બદલામાં સાંભલનારના જેટલા નફસો મુનવ્વર થયા અને આખેરતમાં તેનો નસીબો થયો, તેનો સવાબ આલિમને અતા કરે છે. આલિમને હાસિલ થયેલો આ સવાબ આખેરતના ખઝાનાઓ માંથી બહેતરમાં બહેતર ખઝાનો છે.

અય ઈમાનદારો, તમેં ઝિંદગી ગુઝારવા વાસ્તે જમન જમો, ન કે જમન જમવા વાસ્તે ઝિંદગી ગુઝારો. જમનથી હાસિલ થયેલી જિસ્માની તાકત કરતા ઈલ્મથી હાસિલ થયેલી નફસાની તાકત ઘણી જ આઅલા છે. એક તાકત તમારા નઝરને સામે છે અને બીજી નથી. તો જે નથી તેના પર યકીન લાવવાનું છે અને **આ યકીન જ ઇમાનનો એક હિસ્સો છે** જેના પર તમને ચાલવાનું છે. □

**ઈન્સાન પોતાના સાંસની સાથે સાથે મૌતની કરીબ થાતો જાય છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) મૌ.નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ના વસી કૌન છે. (૨)

(૨) અલ્લાહતઆલાનું તે મુબારક નામ કે જેનો મતલબ કરામતવાલો યા રહેમદિલ થાય છે. (૩)

(૩) વરસાદને વક્ત થાતી ગર્જના, જેની કુરઆને કરીમમાં એક સૂરત છે. (૩)

(૭) ઔલાદ, નસલ. (૨)

**આડી તરકીબ :**

(૨) મૌ.અબ્બાસ (અ.સ.) ની શહાદત થઈ તો મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની ---- તૂટી ગઈ. (૩)

(૪) આઝાદ, છુટકારો. (૨)

(૫) મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના હાથમાં ---- રહેતી હતી. (૨)

(૬) આખેરત, દુનિયા પછીની ઝિંદગી. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | બુ | | |
| | ના | કા | મ | |
| તા | રા | ■ | ફ | લ |
| | ઝ | કા | ત | |
| | | ન | | |

**સહી જવાબ આપનાર : ઝૈનબ ઇદરીસભાઇ ભાઇસાહેબ**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **સારાબુ શરફઅલી ખોખાવાલા**
વફાતની તારીખ : ૨૬ મોહર્રમ ૧૪૩૨ / ૨-૧-૨૦૧૧.
સરનામું : બોરસલી એપાર્ટ., આજવા રોડ, વડોદરા.
ફોન : -

---

નામ : **મુલ્લા કુરબાનહુસૈન અબ્દુલઅલી ગુન્નીવાલા**
વફાતની તારીખ : ૧૮ મોહર્રમ ૧૪૩૨ / ૨૪-૧૨-૨૦૧૦.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૮૯૮૪૩૩૫૯૩

---

નામ : **રૂકય્યાબુ ઇબ્રાહીમ ગલીવાલા**
વફાતની તારીખ : ૧૫ મોહર્રમ ૧૪૩૨ / ૨૧-૧૨-૨૦૧૦.
સરનામું : મોગલવાડા, વડોદરા.
ફોન : ૦૯૯૦૯૫૧૮૬૧૮

---

નામ : **હાજરાબુ મુલ્લા ફિદાઅલી અજબશાહ**
વફાતની તારીખ : ૧૩ મોહર્રમ ૧૪૩૨ / ૧૯-૧૨-૨૦૧૦.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૯૦૪૦૭૨૬૪૫

---

નામ : **નફીસાબુ ફિદાઅલી ઉદાવાલા**
વફાતની તારીખ : ૬ મોહર્રમ ૧૪૩૨ / ૧૨-૧૨-૨૦૧૦.
સરનામું : અનુરાગ એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૦૯૯૬૫૭૮૬૦

---

નામ : **કૌકબુદ્દાઅવતિલ અલવીયાહ શેઠ ફખરૂદ્દીન શેઠ અકબરઅલી લોખંડવાલા**
વફાતની તારીખ : ૨૭ ઝિલહજ્જ ૧૪૩૧ / ૩-૧૨-૨૦૧૦.
સરનામું : અમતુલ્લાહ રેસીડન્સી, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૮૨૪૧૬૫૨૩૭

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે.

**સવાલ કરવું આસાન છે પણ જવાબ આપવું મુશ્કિલ છે, તેમ ઈલ્મને સાંભલવુ આસાન છે .....**

**...... પણ તેના પર અમલ કરવો મુશ્કિલ છે.**

## -::: સવાલ, જમન અને ઈલ્મ :::-

પૂછનારાઓની બે કિસ્મ છે. એક તે છે કે, દુનિયાની હાજતો અને તેને લગતા મુઆમેલાતનો સવાલ કરે છે. હાજતો કઈ તરહ પૂરી થાય યા જિસ્માની-માલી સુલાહીયત અને તાકતમાં કેમ ઈઝાફો થાય યા ઝિંદગીમાં ચૈન-કરાર કેમ હાસિલ થાય તેની ફિરાકમાં રહે છે. જે શખ્સ આ ચીઝમાં તેને મદદ કરે છે તેનો તે ચેલો બની જાય છે. જે વક્ત તે પોતાના મકસદને હાસિલ કરી લે છે કે, ફૌરન તે તેના મદદ કરનાર શખ્સનો સાથ છોડી દે છે. બીજો તે છે કે, જે ઈલ્મના બાબત સવાલો પૂછે છે. આમ કરવાથી તે પોતાની જહાલતની અંધારીમાંથી તેની જાનને છુટકારો અપાવે છે, પોતાના દીન મુજબ તેના અમલમાં ઈસ્લાહ કરવા ચાહે છે.

સવાલ કરનારાની જેમ મજલિસ પણ બે તરહની હોય છે. એક મજલિસ જમવા-પીવાની, સંગીત-રાગની, બેહૂદા બકવાસ અને બેમતલબ નગમાઓની હોય છે. જેમાં ઝબાનને ઝાયકો આપનાર તરહ-તરહની વાનગીઓ, કાનને મઝા ચખાવનાર સંગીત-નગમા અને બે ઘડી દિલને બહેલાવનાર બેમાઅના વાતચીત હોય છે. આ સઘલો એહતેમામ તે જિસ્મ વાસ્તે છે જે એક હાલતથી બીજા હાલતમાં તબ્દીલ થઈને ફના થાનાર છે. બીજી મજલિસ અકલ-ફહેમ, નફસ-ઝમીરને તરો તાઝા કરનારી ઈલ્મો હિકમતની મહેફિલ હોય છે. આ તરહની આઅલા બેઠકોમાં ઔલિયાઉલ્લાહ અને અહલુલ બૈત (અ.સ.)ની સીરતની બયાની, કુરઆની દરસો સબક અને પંદો નસીહતની તકરીર થાતી હોય છે. આ નેઅમતો એવી છે કે, મજલિસમાં શરીક થાનારની બાકી રહેનારી જાન-નફસને આખેરતની ઝિંદગીની નેઅમતોની લઝ્ઝતો અતા કરે છે. જાન તો બધા ને પાસે છે પણે તે જાનની કીમત અને જૌહર તો તે જ વક્ત ખબર પડે કે, આખેરતમાં તેને કયો દરજો મિલે છે. **જો જાન જાહિલ હશે તો તેનું જૌહર બિગડેલું હશે અને જો જાન ઇલ્મની મજલિસમાં ગઇ હશે**, પાકીઝા થઈ હશે તો તેનું જૌહર ઉમ્દા હશે. આખેરતની હમેશા રહેનારી લઝ્ઝતો હાથમાંથી નિકલી ન જાય તે વાસ્તે ઉમ્દા જૌહરવાલી જાન દુનિયાની ફના થાનારી લઝ્ઝતોથી ડરે છે, દૂર રહે છે, તેમજ આખેરતની હંમેશાની ખુશી હાસિલ કરવા વાસ્તે તે દુનિયાની ખુશીને વકતી માને છે, યહાઁની મસર્રતો પર ફુલાઈ જાતી નથી.

જમનોની મજલિસમાં જમન કરનારનો માલ ખર્ચ થાય છે. હવે જે વક્ત હદથી ઝિયાદહ જમન જમાય જાય છે તો તે જમનની લઝ્ઝતને પેટના દર્દમાં તબ્દીલ કરી દે છે. હવે થોડું પણ જમન ઝિયાદહ થઈ જાય, તો પેટ તેને કુબૂલ કરતું નથી પણ તેનાથી બદહઝમી પૈદા થાય છે અને જિસ્મમાંથી તેનો નિકાલ ઝરૂરી થઈ જાય છે. જે જમન લઝીઝ અને લુત્ફવાલું હતું, જિસ્મ વાસ્તે ફાયદામંદ હતું, તે જો ગલત તરીકાથી જમવામાં આવે તો તે જ જમન જમનારને વાસ્તે આફત, બિમારી, તબિઅતમાં તકલીફ લાવી શકે છે.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬.

## -::: ઝાહેર ખબર :::-

### MAXIM REFRIGERATION

Repairs & Services of all types of
Refrigerators, ACs & Washing machines
& Annual Maintenance.
B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road, Vadodara.
**Mashkur - 9925595229**

---

Ismat Madam's

### GENIUS PERSONAL TUITION CLASS

Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146

---

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯.

---

### રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**
**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે,**
**ગેંડીગેટ, વડોદરા.**
**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.**

## -::: ઝાહેર ખબર :::-

### IMAGE ACCOUNTANCY

Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

### ZULFI TRAVELS

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.
**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.**

---

### ROYAL EVENTS

Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.
**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860
C-201, Gulistan Appt., Near Taiyebi Park
Society, Ajwa Road, Vadodara-390 019.

---

### અલીફીયા સોરંગવાલા

**મો.:** ૯૫૩૭૫૧૯૮૬૭
ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે.


**બાવાજી ઘરનો પાયો છે, માઁ ઘરના થાંભલા છે અને ઔલાદ વાસ્તે તે બેવેની શફકતનો સાયો ઘરની છત છે.**

## -::: ઝાહેર ખબર :::-

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. □

---

### Shelina's Creation

**અમારા ત્યાં બધા પ્રકારના ટેલરીંગ કામો તથા કાપડને ડિઝાઇનીંગ વ્યાજબી ભાવે કરવામાં આવે છે. સલવાર-કમીઝ તથા કુરતાનું કલેક્શન પણ રાખીએ છીએ.**

**વેકેશનમાં હોબી કલાસિસ, એમ્બ્રોઇડરી અને દરેક પ્રકારના પેઇન્ટીંગ શીખાવવામાં આવશે.**

એ-૭૦૨, અંબર કોમ્પ્લેક્ષ, મહાવીર હોલને નજીક, આજવા રોડ, વડોદરા.

**M.: 9974165742** □


## -::: Shining Stars :::-



Sister **Vohra Nilofar Alibhai,** studying in Al-Ameen College of Pharmacy, Bangalore, has passed the final year B.Pharm exam with 72.25% held in the month of Aug-2010. We congratulate her for securing First Class in the exams. □

---



Sister **Kagdi Eliya Onali,** studying in MSU, Baroda has passed B.Com. with extraordinary talent & excellent performance. We are proud of her that she has been awarded 4 gold medals in Dec-2010. Her success in surely voiced by her hard work & sincerety. □

---


## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*

વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ □

---

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા. □

---

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/O. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. □

---




**100 % DIGITAL INVISIBLE ITC & CIC**

**" NATIONAL PLAZA "**
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
**" THE EMPEROR"**
Fatehgunj Main Road Ph : 2787744
**" SHIPRA"**
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
**"KEDAR"**
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307


**જેમ અસલી હીરો બાદશાહના ખઝાનામાં હોય છે, તેમ નૈક બૈરોનું હોવું મરદ વાસ્તે મોટા ખઝાના જેમ છે.**